સજ્જન લોકો ક્ષમા વડે જ દુષ્ટ લોકોને નિસ્તેજ બનાવી દે છે
- ભર્તૃહરિ

આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૯૨ | ૧૧ જૂન ૨૦૧૨, સોમવાર, જ્યેષ્ઠ વદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૨૦

આજથી નવા શૈક્ષણિક સત્રનો આરંભ

ગુણોત્સવનું પરિણામ જાહેર ન થયું અને માધ્યમિક શાળાંત પરીક્ષાઓનું પરિણામ નિરાશાજનક, નોટબૂક્સના ભાવમાં વધારો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં ૩૫ દિવસના ઉનાળુ વેકેશન બાદ આજથી વર્ષ ૨૦૧૨-૧૩નું પ્રથમ શૈક્ષણિક સત્ર આરંભાઈ રહ્યું છે. આજથી શરૂ થઈ રહેલા આ નવા શૈક્ષણિક સત્રને લઈ શિક્ષકો તથા વિદ્યાર્થીઓમાં એક નવું જોમ અને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. શાળાઓના વર્ગખંડો અને મેદાનો બાળકોના કલરવથી ગુંજી ઉઠશે.

માધ્યમિક શાળાઓની જાહેર પરીક્ષાના નિરાશાજનક પરિણામો બાદ આ વખતે તદ્દન નવા અભિગમ સાથે શિક્ષકો બાળકને ભણાવશે અને બાળકો પણ નવા શિક્ષકો અને નવા વર્ગખંડોને લઈ ઉત્સાહિત જોવા મળી રહ્યા છે.

નવું વાતાવરણ અને નવા અભ્યાસક્રમ અંગે પણ બાળકોમાં ઉત્સુકતા છે. ધો-૧૦માં ગણિત અને વિજ્ઞાનના નવા પાઠ્યપુસ્તકો આવ્યા છે.

આ વખતે શિક્ષકો માટે પણ સરકારે શિક્ષણ સજ્જતા અંગેની કસોટી યોજયા બાદ નવા વાતાવરણમાં બાળકોને વધુ સઘન શિક્ષણ આપવાના હેતુસર તેમને પણ તાલિમ બધ્ધ કરવાનું આયોજન કરાયું છે. જો કે આ તારીખો પ્રવેશોત્સવની કામગીરી પૂર્ણ થયા બાદ થશે તેમ શિક્ષણ વિભાગના સૂત્રોએ જણાવ્યું છે.

બીજી તરફ ગુણોત્સવના પરિણામો જાહેર નહિ કરવાના સરકારના અભિગમ બાદ વિદ્યા સહાયકો માટે વેકેશન પૂર્વે તાલિમ વર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું જે ઉલ્લેખનીય છે.

આમ શિક્ષકો અને વિદ્યાર્થીઓ એમ બંને માટે નવું વાતાવરણ, નવું જોમ અને નવો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો પ્રમાણે આ વખતે ખાનગી શાળાઓમાં પ્રવેશ મેળવવાનો અભિગમ વાલીઓમાં વધુ જોવા મળ્યો છે. જો કે હવે સરકારે પણ પ્રા. શાળાઓમાં ધો-૮ના વર્ગો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. જિલ્લાની ૩૫૦ જેટલી શાળાઓમાં આ વર્ગો શરૂ થઈ રહ્યા છે.

આ વખતે શાળાઓના યુનિફોર્મ તેમજ શૈક્ષણિક ફીમાં ખાસ વધારો કે ફેરફારો શાળા સંચાલકોએ કર્યા નથી જો કે નોટબુકોના ભાવમાં મોંઘવારીની અસર સ્પષ્ટ વર્તાઈ રહી છે.

સચિવાલયના બે મીની બ્લૉકમાં પણ સોલાર ઊર્જાનું ઉત્પાદન હાથ ધરવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

નવા સચિવાલય સંકુલમાં નિર્માણાધીન બે મીની બ્લોકમાં પણ સોલાર ઊર્જાના ઉત્પાદનને આવરી લેવામાં આવશે.

શહેરમાં ૧૦ મે.વો. થી પણ વધુ સોલાર ઊર્જાના ઉત્પાદનનો લક્ષ્યાંક : આ વર્ષે પાંચ મે.વો. રૂફટોપથી મેળવાશે

ગાંધીનગર શહેરની વિવિધ સરકારી કચેરીઓના ધાબા ઉપર સોલાર ઊર્જાના ઉત્પાદન માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે. હાલ જુના સચિવાલયમાં ૨ મે.વો. વીજ ઉત્પાદન કરવા માટેના સાધનો લગાવવામાં આવનાર છે.

ગાંધીનગર શહેરમાં પાંચ મે.વો. સોલાર ઊર્જાનું ઉત્પાદન આ વર્ષના અંત સુધીમાં કરવા માટેના લક્ષ્યાંક સાથે કામગીરી હાથ ધરવામાં આવી છે. નવા સચિવાલય સંકુલમાં આકાર પામી રહેલ બે મીની બ્લોકનું કામ ડિસેમ્બર-૨૦૧૨માં પૂર્ણ થયા બાદ તેના ધાબા પર કેટલી ક્ષમતાના ઉર્જા ઉત્પાદનના ઉપકરણો લગાવવા તે અંગેનો અભ્યાસ કરી આગળ વધવામાં આવશે.

ઊર્જા વિભાગના સૂત્રોએ જણાવ્યું છે કે હાલ તો સોલાર ઊર્જા માટે જે જે સરકારી કચેરીઓના ધાબા નિયત કરવામાં આવ્યા છે ત્યાં કામગીરી હાથ ધરવામાં આવી છે. જીવરાજ મહેતા ભવનના ધાબાના ભાડાની આવક જ રૂ. ૨૫ લાખ ઉપરાંતની થવાની ધારણા છે. આ માટે કંપની સાથે સમજૂતી કરાર પણ સંપન્ન થઈ ચુકયા છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે હાલ સચિવાલય સંકુલમાં ૧૪૦ કિલોવોટ સોલાર ઊર્જાનું ઉત્પાદન થઈ રહ્યું છે. ગાંધીનગરમાં જે સોલાર ઊર્જાનું ઉત્પાદન થાય છે તે ટોરેન્ટ પાવરની ગ્રીડમાં લઈ જવામાં આવી રહ્યું છે.

ગાંધીનગરમાં સોલાર પાવર માટે સરકારે રૂફટોપ પોલીસી પણ તૈયાર કરી દીધી છે. મળતી વિગતો પ્રમાણે સોલાર ઊર્જા ક્ષેત્રે ગાંધીનગરમાં ૧૦ મે.વો. થી પણ વધુ વીજ ઉત્પાદન થઈ શકે તેમ હોવાથી સરકાર હવે વધુ ઝડપથી આ દિશામાં આગળ વધવા માગે છે.

આ સૂત્રોએ જણાવ્યું છે કે પ્રથમ તબક્કામાં પાંચ મે.વો. વીજળી રૂફટોપ દ્વારા મેળવવામાં આવશે. આ ઉપરાંત ગાંધીનગરમાં બે સોલાર વીજ મથકો પણ ૧.૧. મે.વો.ના બનાવવામાં આવ્યા છે. આ સાત મે.વો. સોલાર ઊર્જા આ વર્ષના અંત સુધીમાં ઉપલબ્ધ બનશે. આ પછી ખાનગી મકાનોના ધાબા ભાડે મેળવ્યા બાદ આગળ વધવામાં આવશે.

ગાંધીનગરને સોલારસીટીની સાથે સાથે સ્માર્ટ સીટી બનાવવાનો સરકારનો સંકલ્પ છે અને આ માટેનો આખોય એકશન પ્લાન સંબંધિત વિભાગો સાથે સંકલનમાં રહી તૈયાર કરી દેવાયા બાદ હવે અમલીકરણમાં આગળ ધપવામાં આવી રહેલ છે.

ઉનાળુ વૅકેશનનો અંત આવ્યો છે અને શાળાઓ ખૂલી રહી છે, તેથી હવે નગરજનોના રસના વિષયો પણ બદલાયા છે. હરવા-ફરવા ને ખાવા-પીવાના સ્થાને હવે સ્કૂલ યુનિફોર્મ ને પાઠ્યપુસ્તકો, નોટબૂક્સ એ તેમના રસના વિષયો બન્યા છે. છેલ્લા એક સપ્તાહથી સ્ટેશનર્સને ત્યાં વધતો ખરીદારોનો ધસારો રવિવારે પરાકાષ્ટાએ જોવા મળ્યો હતો. **(તસવીર : દિપક જાની)**

વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસનો પૂર્ણ સફાયો થશે : મોદીનો દાવો

ગુજરાતમાં વિધાનસભા ચૂંટણી માટે મોદીએ રણશિંગુ ફુક્યુ : યૂપીએ સરકારના ભ્રષ્ટાચાર-ભાવ વધારાથી લોકો ત્રાસી ગયા છે : ગુજરાત સરકારે રાજ્યને ભ્રષ્ટાચારથી મુક્ત રાખ્યુ છે : કારોબારીમાં મોદીનુ સંબોધન

રાજકોટ,તા.૧૦

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ રાજ્યમાં ચૂંટણી માટેનુ રણશિંગુ ફુંકતા આજે યૂપીએ સરકાર ઉપર આક્ષેપોનો જોરદાર મારો ચલાવ્યો હતો. સાથે સાથે દાવો કર્યો હતો કે વર્ષ ૨૦૧૨ની વિધાનસભા ચૂંટણીમાં કૉંગ્રેસનો સંપૂર્ણપણે સફાયો થશે. મોદીએ એમ પણ કહ્યુ હતુ કે રાજ્યમાં વિધાનસભાની ચૂંટણીમાં ભાજપની શાનદાર જીત થશે. કેન્દ્રની યૂપીએ સરકાર અને કૉંગ્રેસ પાર્ટી ઉપર આકરા પ્રહારો કરતા મોદીએ દરેક મુદ્દાઓ પર જોરદાર ઝાંટકણી કાઢી હતી. તેમણે ઉમેર્યુ હતુ કે યૂપીએ સરકાર તેની ભ્રષ્ટ રાજનીતિથી બેઆબરૂ થઈ ગઈ છે. હવે તેને બચવા માટે કોઈ રસ્તો નથી. યૂપીએ સરકાર બેકાબૂ ભ્રષ્ટાચારથી જન આક્રોશનો ભોગ બની ચુકી છે. જ્યારે ગુજરાતની ભાજપ સરકારે રાજ્યને ભ્રષ્ટાચારથી મુક્ત રાખવામા સંપૂર્ણ સફળતા હાસલ કરી છે. ચૂંટણીલક્ષી રાજનીતિની આખી દિશા બદલીને

● અનુસંધાન પાન-૭ પર

MBA + PGDM
A Dual Degree Programme
BBA
Call 09574010917
BBA & MBA Degrees from a State University with "A Grade" NAAC Accreditation.
PGDM Programme Approved by AICTE/ DIC, Ministry of MRD, Govt. of India.
89% of MBA students of the current batch actually placed.
Average annual CTC Rs 3.38 Lakhs.
IBMR Business School, Near ASIA Complex, Drive-in Road, Ahmedabad-54.

મોદી સામે સૂત્રોચાર કરનાર જોશી તરફી ઘણાની ધરપકડ

રાજકોટ,તા.૧૦

ભાજપમાંથી સંજય જોશીની હકાલપટ્ટી થયા બાદથી જારી પોસ્ટર વોર હજુ પણ જારી રહ્યુ છે. આજે સંજય જોશી તરફી કેટલાક પોસ્ટરો જોવા મળ્યા હતા. જ્યારે અન્ય કેટલાક લોકોએ દેખાવો પણ કર્યા હતા. મળેલા અહેવાલ મુજબ રાજકોટમાં બેઠકના સ્થળની બહાર મોદી વિરોધી દેખાવો પણ કરવામા આવ્યા હતા. મીડિયા અહેવાલમા જણાવવામા આવ્યુ છે કે મુખ્યમંત્રી સામે સૂત્રો ચાર કરી રહેલા સંજય જોશી તરફી કેટલાક કાર્યકરોની ધરપકડ પણ કરવામા આવી છે. રાજકોટ શહેરાના જુદા જુદા ભાગોમાં મોદીને ટાર્ગેટ બનાવતા પોસ્ટર આજે પણ જોવા મળ્યા હતા. ભાજપની અંદર ખેંચતાણની સ્થિતિ સંજય જોશીની હકાલપટ્ટી બાદ સ્પષ્ટ રીતે દેખાઈ રહી છે. જોશીના ટેકામાં ગુજરાતમાં આ પોસ્ટરો ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાંથી જોશીની હકાલપટ્ટી થયા બાદથી સતત દેખાઈ રહ્યા છે. રાજ્ય કારોબારી બેઠકના સ્થળ નજીક પણ પોસ્ટરો નજરે પડ્યા હતા.

સ્વ. મધુભાઈ ભટ્ટને ૧૧મી વાર્ષિક પુણ્યતિથિએ
સ્મરણાંજલિ

અમારા કુટુંબના વડીલ, મુરબ્બી, પૂજનીય, સાહિત્યકાર અને ગુજરાત સરકારના નિવૃત્ત નિયામક (આયોજન) સ્વ. મધુભાઈ ભટ્ટને ૧૧મી વાર્ષિક પુણ્યતિથિએ અમારા સહુની હૃદયપૂર્વકની સ્મરણાંજલિ

સ્વ. મધુભાઈ ભટ્ટ
દેહ વિલય - તા. ૧૧-૬-૨૦૦૧

કેમ કરીને ભૂલીએ આપમે, યાદ આવે છે આપની આપના થકી
"મળી છે વિરાસત સંસ્કારની આપના થકી,
ચણી છે ઈમારત અરમાનની આપના થકી,
કરી છે ઈબાદત ભગવાનની આપના થકી,
મળી છે નસિહત પુરુષાર્થની આપના થકી."

સદાય આપને યાદ કરતાં આપના જ....

જ્યોતિષ મધુસુદન ભટ્ટ
સંગીતા જ્યોતિષ ભટ્ટ
ડો. દક્ષ જ્યોતિષ ભટ્ટ (USA)
યશ જ્યોતિષ ભટ્ટ
પ્રતાપલક્ષ્મી મ. ભટ્ટ
મનીષાબેન નૌ. ત્રિપાઠી
આનંદ નૌ. ત્રિપાઠી
નિલમ આ. ત્રિપાઠી
પ્રથમ આ. ત્રિપાઠી

॥ જય ગાયત્રી ॥
વસાવડા ગ્રુપ ટયુશન
ધોરણ : 5 થી 8 | ધોરણ : 9-10 | ધોરણ : 10-12 (ગણિત)
★ કુલ 110 વિદ્યાર્થીઓમાંથી 107 વિદ્યાર્થીઓ પાસ
★ ધોરણ - 9 કરતા ધોરણ -10 માં વધુ ગુણ મેળવી આપતો એકમાત્ર ક્લાસ
★ ગાડરિયા પ્રવાહમાં તણાયા તે પસ્તાયા છે અને પસ્તાવું પડશે...
★ 'ટોળાશાહી ક્લાસીસ'માં ક્યારેય રિઝલ્ટ ના વધે.
માર્ચ - 2012નું ઝળહળતું પરિણામ
ધર્મજીત 100 | અંકિતા સુથાર 99 | સીમા 98 | દિવ્યેશ 95

નામ	ગણિત	વિજ્ઞાન	નામ	ગણિત	વિજ્ઞાન	નામ	ગણિત	વિજ્ઞાન
ધર્મજીત	100	90	પૂજા	78	85	રણજીત	80	-
અંકિતા	99	83	કુલદિપ	84	76	મહેક	71	63
સીમા	98	83	કૃપા	80	64	પ્રજ્ઞેશ	73	-
દિવ્યેશ	95	76	ખ્યાતિ	86	78	સમિત	71	-
ફાલ્ગુની	94	70	કૃપાલી	87	72	કેતન	77	76
ધેરા	95	77	સ્વાતિ	81	72	કેતન	73	75
નિરમા	91	79	આસ્થા	75	62	શ્યામલ	73	52
વંદિતા	90	69	રેખા	86	-	કુંજલ	78	74
કિંજલ	90	73	કાજલ	72	62	ભાવિન	70	-
જૈમિનિ	90	83	અંકિતા	77	69	કુમાર	70	-
કુલદિપ	84	76	કિંજલ	82	-	મેહા	70	70
કેતન	89	64	દર્શન	80	-	હિરવા	78	78
સમીર	84	65	મનસી	74	82	કુંજલ	81	-
જયપરમાર	80	69	પલક	74	70	ભાવની	72	-
દર્શન	80	-	અનુજ	81	72	કાજલ પટેલ	72	-
નૌશાદ	85	87	ઈન્દ્રજીત	84	85	અપેક્ષા	72	-
						ભાવિન	70	-

સમજપૂર્વકનું શિક્ષણ માત્ર અમારે ત્યાં જ
ધોરણ -10નો બીજો બેચ તા. 7-6-2012 | ધોરણ - 8-9નો બેચ તા. 7-6-2012 થી | ધોરણ - 5 થી 7નો બેચ તા. 11-6-2012 થી
મર્યાદિત પ્રવેશ બાકી હોય સત્વરે પ્રવેશ મેળવી લો....
150/2, આનંદ વાટિકા, સેક્ટર -22 | 1427, સહજાનંદ કોમ્પ્લેક્ષ સેક્ટર - 4/બી | ધોરણ 9-10 માટે શીતલ એપાર્ટમેન્ટ ય-6, સેક્ટર - 29
9998727508, 9998727509, 9824008936
ધોરણ -10ના તમામ વિદ્યાર્થીઓને ઝળહળતી સફળતા બદલ "દેવ ઈન્ટરનેશનલ સ્કુલ" હાર્દિક અભિનંદન પાઠવે છે.